# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**તારીખ : 01-11-2024** **સાંજે : 7.50 થી 8.00**

**વાર : શુક્રવાર**

**આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.**

---

1) ભારત અને ચીનના લશ્કરી દળોએ અંકુશ રેખા નજીક વિવાદીત વિસ્તારમાં પરસ્પર સહમતીથી ફરી પેટ્રોલિંગ શરૂ કર્યું
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિતશાહે અમદાવાદના પિરાણા ખાતે ગુજરાતના સૌથી મોટા વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કર્યું
3) ઝારખંડ વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે ઉમેદવારી પત્ર પરત લેવાનો આજે અંતિમ દિવસ રહ્યો, કુલ 685 ઉમેદવારો વચ્ચે જામશે ચૂંટણી જંગ
4) ઇસરોએ લેહથી દેશનું પ્રથમ એનાલૉગ અંતરિક્ષ મિશન લૉન્ચ કર્યું
5) સ્પેનમાં પૂરને પગલે મૃત્યુઆંક વધીને 202 થયો, કેટલાક વિસ્તારોમાં વરસાદને પગલે રેડએલર્ટ

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## INDIA-CHINA PATROLLING

ભારત અને ચીને લદ્દાખમાં અંકુશ રેખા નજીક પેટ્રોલિંગ શરૂ કર્યું છે. ભારતીય સૈન્યના સૂત્રોના જણાવ્યા અનુસાર દેમચોક વિસ્તારમાં બંને દેશોના લશ્કરી દળો વચ્ચે થયેલા ઘર્ષણના સાડા ચાર વર્ષ બાદ અહીં ફરી પેટ્રોલિંગ શરૂ કરાયું છે. દેપસાંગ વિસ્તારમાં પણ સૈન્ય તૈનાત કરાશે.

બંને દેશોના સૈન્ય વચ્ચે થયેલી વાટાઘાટો બાદ ગત માસમાં આ સમજૂતિ પર સહમત સધાઈ. ગઈકાલે દિવાળી પ્રસંગે ભારત અને ચીનના સૈનિકોએ સરહદીય વિસ્તારની વિવિધ ચેક પોસ્ટ પર મીઠાઈની આપ – લે કરી હતી.

બંને સૈન્ય વચ્ચે ગત 22મી તારીખે વાટાઘાટોની શરૂઆત થઈ હતી. જે બાદ બંને સૈન્યએ દેપસાંગ અને દેમચોક વિસ્તારમાં હંગામી તંબુઓ અને માળખા તોડી પાડ્યા હતા. સમજૂતી મુજબ ભારત અને ચીન સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરવા સહમત થયા હતા.

## AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે અમદાવાદના પીપળજ ખાતે ગુજરાતના સૌથી મોટા વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કર્યું. જાહેર ખાનગી ભાગીદારીથી નિર્માણ પામેલો આ પ્લાન્ટ 375 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયો છે. આની મદદથી એક હજાર મેટ્રિક ટન ઘન કચરામાંથી દરરોજ 15 મેગાવૉટ વીજળી ઉત્પન્ન થશે.

અમારા પ્રતિનિધી જણાવે છે કે, ગુજરાત સરકાર અને જીંદાલ અર્બન વેસ્ટ મેનેજમેન્ટ કંપની વચ્ચેની સંયુક્ત ભાગીદારીમાં નિર્મિત થયેલો આ પ્લાન્ટ ગુજરાતનો પહેલો વેસ્ટ ટૂ એનર્જી પ્લાન્ટ છે.

શ્રી શાહે ઉપસ્થિત સૌને દિવાળી તેમજ નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવતા નૂતન વર્ષમાં 30 ટકા વાચકોનો વધારો થાય તેવો સામૂહિક સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. બાળકો, કિશોરો અને યુવાનોમાં વાંચનની ભૂખ વધે તે દિશામાં પ્રયાસો કરવા અને તે માટે તમામ પ્રકારના સહયોગની ખાતરી પણ શ્રી શાહે ઉચ્ચારી હતી.

## EVE. JHARKHAND – ELECTIONS

ઝારખંડ વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે ઉમેદવારી પત્ર પરત લેવાનો આજે અંતિમ દિવસ હતો. આ તબક્કા માટે કુલ 634 ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા.

ઝારખંડમાં 34 બેઠકો માટે પ્રથમ તબક્કામાં 13 નવેમ્બરના રોજ, જ્યારે બીજા તબક્કામાં અન્ય 38 બેઠકો માટે 20 નવેમ્બરના રોજ મતદાન થશે. ઉમેદવારી પરત ખેંચ્યા બાદ કુલ 685 ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ થશે. રાજ્યમાં મત ગણતરી 23 નવેમ્બરના રોજ યોજાશે.

## MANDAVIYA - YOUTH AWARDS

કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ યુવાનોને પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય યુવા પુરસ્કાર 2022-23 માટે અરજી કરવા અપીલ કરી છે. આ એવોર્ડ 15 થી 29 વર્ષની વય વચ્ચેના વ્યક્તિઓ અને સંસ્થાઓને આપવામાં આવે છે. જે વ્યક્તિઓ કે સંસ્થાઓ વિકાસ અને સામાજિક સેવાઓ જેવા કે આરોગ્ય, માનવ અધિકારોને પ્રોત્સાહન, સક્રિય નાગરિકતા અને સમુદાય સેવાના વિવિધક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કાર્ય અને યોગદાન માટે એનાયત કરવામાં આવે છે. આ પુરસ્કારમાં એક મેડલ, પ્રમાણપત્ર અને વ્યક્તિગતને એક લાખ રૂપિયા રોકડ પુરસ્કાર અને સંસ્થાને ત્રણ લાખ રૂપિયા રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.

**(બાઇટ-મનસુખ માંડવિયા)**

રાષ્ટ્રીય યુવા પુરસ્કાર 2022-23 માટેની અરજી 1લી નવેમ્બરથી 15મી નવેમ્બર દરમિયાન ગૃહ મંત્રાલયના કોમન એવોર્ડ પોર્ટલ દ્વારા મંગાવવામાં આવી રહી છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## INDIA US VAJRA PRAHAR

ભારતીય સૈન્યની એક ટુકડી આજે ભારત અમેરિકાની સંયુક્ત લશ્કરી કવાયત ‘વ્રજ પ્રહાર’ની 15મી આવૃત્તિ માટે અમેરિકા જવા રવાના થઈ છે. અમેરિકાના આઇડહો ઓર્ચાર્ડ કોમ્બેટ ટ્રેઇનિંગ સેન્ટર ખાતે આયોજીત આ કવાયત આવતીકાલથી શરૂ કરીને 22 નવેમ્બર સુધી ચાલશે. આ પૂર્વે ગત વર્ષે ડીસેમ્બર માસમાં મેઘાલયમાં આ લશ્કરી કવાયત યોજાઈ હતી.

ભારત અને અમેરિકા વચ્ચે આ વર્ષે યોજાનારી બીજી સંયુક્ત લશ્કરી કવાયત છે. આ પૂર્વે સ્ટેમ્બર માસમાં રાજસ્થાનમાં બંને સૈન્ય વચ્ચે યુદ્ધ અભ્યાસ 2024 કવાયત યોજાઈ હતી. સરંક્ષણમંત્રાલયના જણાવ્યા અનુસાર આ સંયુક્ત કવાયતમાં બંને દેશોના 45 – 45 જવાનો જોડાશે. ભારતીય સૈન્યની વિશેષ દળની ટુકડી કવાયતમાં સામેલ થશે.

## ISRO ANALOG MISSION

ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થાન- ઇસરોએ શુક્રવારે લેહથી દેશનું પ્રથમ એનાલોગ અંતરિક્ષ મિશન લૉન્ચ કર્યું છે. ઇસરોનું માનવ અવકાશ ઉડ્ડયન કેન્દ્ર આ મિશનનું નેતૃત્વ કરી રહ્યું છે, જે AAKA સ્પેસ સ્ટુડિયો, લદ્દાખ યુનિવર્સિટી, IIT બૉમ્બે દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરાયેલ છે. આ મિશનનો હેતુ અન્ય ગ્રહો પર જીવનની શક્યતા અંગે વધુ સંશોધન કરવાનો તેમજ પૃથ્વીથી પરે એક બેસ સ્ટેશન સ્થાપિત કરવા અંગેના પડકારોને શોધવાનું છે.

આ મિશન ભારતના ગગનયાન કાર્યક્રમ અને ભવિષ્યના અંતરિક્ષ સંશોધનનું સમર્થન કરવા માટે અમૂલ્ય ડેટા એકત્ર કરવામાં મહત્વનો ભાગ ભજવશે.

લદ્દાખની સૂકી આબોહવા, ઉંચાઈ, રેતાળ જમીન મંગળ અને ચંદ્ર જેવી સ્થિતિ ધરાવે છે, જે તેને એનાલોગ સંશોધન માટે આદર્શ બનાવે છે.

## IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી 2થી 3 દિવસ માટે તામિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, કર્ણાટક અને માહેમાં કેટલાક વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તર-પશ્ચિમ ભારતના ભાગોમાં ઉપરનું સામાન્ય તાપમાન વલણ આગામી 2થી 3 દિવસ દરમિયાન યથાવત્ રહેવાની સંભાવના છે. વિભાગે દિલ્હી અને N.C.R.માં આ રવિવાર સુધી રાત્રે અને સવારના સમયે ધુમ્મસ રહે તેવી પણ આગાહી કરી છે.

## SPAIN-DEATH

સ્પેનમાં, ગૃહ મંત્રાલયના ઈન્ટિગ્રેટેડ ઓપરેશનલ કો ઓર્ડિનેશન સેન્ટર (CECOPI) એ અહેવાલ આપ્યો છે કે વેલેન્સિયન સમુદાયમાં પૂરથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને 202 થઈ ગઈ છે. સ્પેનિશ હવામાન એજન્સીએ દક્ષિણ પશ્ચિમ ભાગમાં હુએલ્વાના કિનારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. દેશના સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે કે આજે સવારે વીજળી ન હોવાને લીધે લગભગ 40 હજાર લોકોને અસર પહોંચી છે.  શોધ ખોળ અને સફાઈ કામગીરીમાં મદદ માટે વધુ સૈન્ય કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે.

## SAVANT CALENDAR

આવતી કાલે વિક્રમ સંવંત 2081નો પ્રારંભ થઈ રહ્યો છે.. ગુજરાતીઓ માટે વિક્રમ સંવંતથી નવા વર્ષનો પ્રારંભ થાય છે અને આ દિવસને બેસતું વર્ષ તરીકે ઉજવે છે. વિશ્વભરમાં ઇસવિસન પ્રમાણે નવા વર્ષનો પ્રારંભ થાય છે. આ વિશે વધુ માહીતી આપી રહ્યા છે. વરિષ્ઠ પત્રકાર ભરત રાજગોર..

(ડેસ્ક. બાઇટ ભરત રાજગોર)

## CRIME BRANCH - HARYANA

હરિયાણા પોલીસની ક્રાઈમ બ્રાન્ચે નકલી કંપનીઓ બનાવીને ગેરકાયદેસર રીતે વિદેશમાં કાળું નાણું મોકલવાના ગુનાનો પર્દાફાશ કર્યો છે. આ કેસમાં અત્યાર સુધીમાં સાત આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય પાંચ આરોપીઓ વિરુદ્ધ સંપૂર્ણ પુરાવા સાથે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું કે તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે આરોપીઓ દ્વારા વિદેશી કંપનીઓના ખાતામાં લગભગ 700 કરોડ રૂપિયા ગેરકાયદેસર રીતે મોકલવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે ત્રણ આરોપીઓ દિલ્હીના રહેવાસી છે, જ્યારે અન્ય દેહરાદૂન, ઝજ્જર, સોનીપત અને ફરીદાબાદના છે. તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી મોટી સંખ્યામાં કંપનીઓના નકલી દસ્તાવેજો, લગભગ 26 મોબાઈલ ફોન, લેપટોપ, કંપનીઓના સીલ વગેરે મળી આવ્યા છે. આ કેસ ઉપરાંત ધરપકડ કરાયેલા એક આરોપી સામે હત્યા અને ગંભીર ઈજાના કેસ પણ નોંધાયેલા છે.